જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૨/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-     સમાચાર યાદી નં.૨૬૭/૧૮

## બાપુનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ મિલ્કત સબંધી ગુનાઓ રોકવા તથા મિલ્કત સબંધી ગુનાના આરોપીઓ શોધી કાઢવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ તા.૦૭/૦૨/૧૮ ના રોજ બાપુનગર પો.ઇન્સ. શ્રી વી.જે.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઇ.માનાભાઇ ખાતુભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.મહેશકુમાર હેમતસંગ બ.નં.૬૪૪૧ તથા પો.કો અજયસિંહ દેવીસિંહ બ.નં. ૪૦૨૯ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે બાપુનગર મરઘાફાર્મ રોડ જમનાનગર ત્રણ રસ્તા જાહેર રોડ ઉપરથી " એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ને આજરોજ તા.૦૭/૦૨/૨૦૧૮ ના ક.૧૪/30 વાગ્યે પકડી તેની પાસેથી ચોરીના ત્રણ અલગ-અલગ કંપીનીના મો.ફોન મળી આવેલ જે મો.ફોન જોતા નં.(૧) Redmi 4 કંપનીનો કાળા કલરનો મો.ફોન જેનો IMEI નં.866760035396425 તથા 866760035396433 જેનો છે જે મો.ફોનની કી.રૂ.૩૫૦૦/- ગણી શકાય તે તથા નં.(૨) સેમસંગ કંપની J2 મોડલનો સીલ્વર કલરનો મો.ફોન જેનો IMEI નં.352602089599085 તથા 352603089599083 નો છે જેની કી.રૂ.૩,૦૦૦/- ગણી શકાય તે તથા નં.3) OPPO કંપનીનો A37 મોડલનો સફેદ-સિલ્વર કલરનો મો.ફોન જેનો IMEI નં.865241034512198 તથા 865241034512180 નો છે જેની કી.રૂ.૭૦૦૦/- ગણી શકાય તે મળી કુલ્લે ત્રણેય મો.ફોનની કુલ્લે કી.રૂ.૧૩,૫૦૦/- ગણી પંચનામા વિગતે CRPC કલમ ૧૦૨ કબજે કરી સદરી મો.ફોનો બાબતે તપાસ કરતા સદરી મો.ફોનો બાબતે નિકોલ પો.સ્ટે. તથા ઓઢવ પો.સ્ટે. માં નીચે મુજબના ગુના દાખલ થયેલ હોય જેથી સદરી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર હોય સદરીની યોગ્ય સાળસંભાળ લેવા સારુ તેનો કબ્જો તેની માતા મીનાબેન વા/ઓ પ્રેમભાઇ રાજભર રહે.૪૦૩ રોયલ ફ્લોરા એપાર્ટમેન્ટ મનમોહન ચોકીની પાછળ મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ અ'વાદ નાને સોપી સદરી કાયદાનાં સઘંર્ષમા આવેલ કિશોરના કરેલ કાગળો તથા મુદ્દામાલ અત્રેના પો.સ્ટે. થી મેળવવા સારૂ બન્ને પો.સ્ટે. જાણ કરેલ છે.

(૧) નિકોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૨/૧૮ ઇપીકો કલમ-૩૮૦ મુજબ
(૨) ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૫/૧૮ ઇપીકો કલમ-૩૭૯ મુજબ

## ગુજ.યુનિ.પો.સ્ટે. ખાતે નોંધાયેલ મિલ્કત સબંધી ગુન્હાના આરોપીને ગુન્હો દાખલ થયાના થોડાક જ સમયમાં પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ, અમદાવાદ શહેર

ગુજ.યુનિ.પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામના ફરીયાદીશ્રી પારસભાઇ ભુરાલાલ જાતે કોઠારી ઉં.વ.૫૦ ધંધો: વેપાર રહે: ૧૬, પંચવટી, સોસાયટી, ગુલબાઇ ટેકરા, નવરંગપુરા, અમદાવાદ શહેરની ફરીયાદના કામે ગઇ તા:૬/૦૨/૨૦૧૮ ના કલાક ૧૮/૦૦ થી આજરોજ તા:૭/૨/૦૧૮ ના કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીમાં કોઇ ચોર ઇસમ ફરીયાદીશ્રીની ઉપરોક્ત ઓફીસમાં કોઇપણ રીતે ઘુસી અથવા શકદાર સાજન ભાટીયા કે જે અગાઉ ફરીયાદીશ્રીની ઓફીસમાં નોકરી કરતો હતો તેણે ફરીશ્રીની ઓફીસમાં ઘુસી ટેબલના ડોઅરમાં મુકેલ રૂ.૧૨,૫૦,૦૦૦/- ની રકમના બંડલોમાંથી નોટો ખેંચી રૂ.૫,૧૦,૦૦૦/- ની રકમની ચોરી કરી લઇ ગયેલ હોય જે ગુન્હાની હકિકતથી મે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧, અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્રી "બી" ડિવીઝન, અમદાવાદ શહેર સા.ને ટેલીફોનીક જાણ કરતાં તેઓશ્રીએ કોઇ જાણ ભેદુ હોઇ શકે જેથી ફરીશ્રીની ઓફીસમાં હાલમાં કામ કરતા તેમજ અગાઉ કામ કરી જતા રહેલ ઇસમોની ઉંડાણપુર્વક તપાસ કરવા તેમજ ગુન્હો શોધી કાઢવા અંગેના તમામ પગલાં તાત્કાલીક ધોરણે હાથ ધરવાની સુચના આપતાં જે સુચના મુજબ અમો તથા સર્વેલન્સ સ્કોડમાં ફરજ બજાવતાં પો.સ.ઇ. વી.એન.ચૌધરી તેમજ સ્ટાફના માણસો ગુન્હાવાળી જગ્યા ખાતે પહોંચી ગયેલ તેમજ ફરીયાદની વિગત મુજબ કોઇ જાણભેદુ હોવાની પ્રાથમિક શંકાના આધારે ફરીયાદીશ્રીની ઓફીસમાં નોકરી કરતાં કર્મચારીઓની ઉંડાણપુર્વક પુછપરછ કરવામાં આવી તેમજ તાત્કાલીક ડોગ સ્કોડને બોલાવતાં ડોગ હેંડલરશ્રીએ 'ખુર' નામના ડોગને ટ્રેક કરાવતાં ડોગ સ્કોડ દ્વારા આરોપી સાજન મણીલાલ ભાટીયા ઉં.વ.૧૯ રહે: મધુરીકા હોલની ઓરડીમાં, વાલજીભાઇ પદમજી ભાટીયાની રુમમાં, બેંક ઓફ બરોડાની સામે, એચ.એલ. કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ શહેર મુળ ગામ: ડોલી તા:સાગવાડા જી:ડુંગરપુર, રાજસ્થાનની ઓળખ થઇ જતાં ડોગ ટ્રેક સફળ થયેલ હોય તેમજ આરોપીએ પણ ગુન્હો કર્યાની કબુલાત કરેલ હોય આરોપીને ગુન્હાના કામે તા:૭/૨/૧૮ ના કલાક ૧૮/૦૫ વાગ્યે અટક કરવામાં આવેલ છે અને પોતે ચોરી કરેલ રકમ પૈકી રૂ.૮૬,૦૦૦/- પોતે મોસાની ડીકીમાં સંતાડી દિધેલ તે તથા રૂ.૧,૦૦,૦૦૦/- ની રકમ તેના મિત્ર સાહિલ વિરમભાઇ સરતાનભાઇ રબારી ઉં.વ.૧૯ રહે: રબારીવાસ, વિજયપાર્ક સોસાયટીની બાજુમાં, સી.જી.રોડની પાછળ, નવરંગપુરા, અમદાવાદ શહેર મુળ: ગામ: ભેંસાણા તા:જી: મહેસાણાને આપેલ જે રકમ તેના મિત્ર પાસેથી તેમજ રૂ.૨,૫૦,૦૦૦/- તેના બીજા મિત્ર ઉમંગ દાનાભાઇ રઘાભાઇ બોસીયા ઉં.વ.૨૫ રહે:૧૮૯/૩૩, ન્યુ ટેક્ષટાઇલ મીલની ચાલી, રાયપુર દરવાજા બહાર, બિગબજાર પાસે, રાયપુર, અમદાવાદ શહેર મુળ ગામ: ઉંચડી તા: ધંધુકા જી: અમદાવાદને આપી દિધેલ જે રકમ મળી હાલમાં કુલ્લે <u>રૂ.૪,૩૬,૦૦૦</u>/- ની રોકડ રકમ તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે તેમજ આગળની તપાસ ચાલુ છે.

## સરખેજ પોલીસ સ્ટેશન

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી સર્વેલન્સ સ્કવોડનાં પો.સબ.ઇન્સ. ડી.સી. પરમાર નાઓ તેઓના સ્ટાફનાં માણસો સાથે વાહનચોરી તેમજ મિલકત સંબંધી ગુનાહોની શોધી કાઢવા સારૂં પેટ્રોલિંગમાં હતા દરમિયાન પો.કોન્સ નૌસાદઅલી ઉસમાનમિયા બ.ન ૯૬૪૩ તથા લો.ર મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નો ૧૧૪૮ નાઓ ની સયુંકત બાતમી આધારે મકરબા ફાટક પાસેથી અરોપીયો (૧)મોહંમદ જુનેદ ઉર્ફે બીકુ મહેમુદમિયા જાતે સૈયદ ઉ.વ. ૨૦ રહે ઘર નં બી/૫ શાહીન રો-હાઉસ એ.પી. પેટ્રોલપંપની પાછળ સોનલ સિનેમા રોડ જુહાપુરા અમદાવાદ શહેર (૨)જાઉલ ઉર્ફે જાવલો હમીદખાન મલિક ઉ.વ. ૨૦ રહે ઘર નં ૪ યાસ્મીન સોસાયટી ફીરોજા બિલાલ સોસાયટીની બાજુમા સોનલ સિનેમા રોડ જુહાપુરા અમદાવાદ શહેર (૩)ઇરફાન ઉર્ફે બોડો ઉર્ફે મુરઘી બાબુભાઈ પઠાણ ઉ.વ. ૨૦ રહે ઘર નં ૪ યાસ્મીન સોસાયટી નૌશાદ ફ્લેટની આગળ સોનલ સિનેમા રોડ જુહાપુરા અમદાવાદ શહેર (૪) આકિબ ઉર્ફે ધુડમ ઇમ્તિયાઝભાઈ જાતે મન્સૂરી ઉ.વ. ૨૦ રહે ઘર નં ૧૦ અલ ખૈબર ફ્લેક્ષ નેહા ફ્લેટની બાજુમાં સોનલ સિનેમાની સામે જુહાપુરા અમદાવાદ શહેર નાઓને એક ઓટો રીક્ષા નંબર જી.જે.01-સી.ટી.-૪૦૮૫ સાથે પકડેલ હોય જેનો એન્જીન નંબર જોતા AFMBTF11870 નો તથા ચેચીસ નંબર MD2AAAFZZTWF19108 નો લખેલ વંચાય છે જે અંગે ખાત્રી કરતા વેજલપુર પોલીસ સ્ટેશનના ફસ્ટ.ગુ.ર. નંબર ૧૦/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબથી ગુન્હો દાખલ થયેલ હોય તો ઉપરોક્ત ગુનો ડિટેક્ટ કરેલ છે .તારીખ

---

## સુરક્ષા સેતુ રથ:

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.